**ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ,**
છઠ્ઠો માળ, ગિફ્ટ વન,માર્ગ-૫-સી, ઝોન-૫,
ગિફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫, ગુજરાત.
ફોન: ૦૭૯ ૨૩૬૦ ૨૦૦૦,
ફેક્સ : ૦૭૯ ૨૩૬૦ ૨૦૫૪/૫૫
ઇ-મેલ એડ્રેસ: gerc@gercin.org, વેબસાઇટ: www.gercin.org

**પબ્લિક નોટીસ**

**ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) (ચોથો સુધારો) વિનિયમો, ૨૦૨૪ અંગેનો મુસદ્દો**

**અને**

**ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) (ચોથો સુધારો) વિનિયમો, ૨૦૨૪ અંગેનો મુસદ્દો**

વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો ૩૬મો અધ્યાય) ની કલમ-૧૮૧ અન્વયે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (વિદ્યુત પુરવઠા સંહિતા અને આનુષંગિક બાબતો) (ચોથો સુધારો) વિનિયમો, ૨૦૨૪ નો મુસદ્દો તૈયાર કરેલ છે.

વધુમાં, વિદ્યુત અધિનિયમ, ૨૦૦૩ (૨૦૦૩નો ૩૬મો અધ્યાય) ની કલમ-૧૮૧ અન્વયે, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ દ્વારા ગુજરાત વિદ્યુત નિયંત્રણ આયોગ (પુરવઠો પૂરો પાડવા પેટે કરેલ ખર્ચ અને પ્રકીર્ણ ખર્ચ વસૂલ કરવા પરવાનેદારને સત્તા) (ચોથો સુધારો) વિનિયમો, ૨૦૨૪ નો મુસદ્દો તૈયાર કરેલ છે.

સદર મુસદ્દાઓ અને તે અંગે સમજુતી પુરી પાડતા લખાણો આયોગની વેબસાઇટ www.gercin.org પર વાંધા/સૂચનો આમંત્રિત કરવા માટે મુકવામાં આવેલ છે.

આથી જાહેર કરવામાં આવે છે કે, ઉપરોક્ત બાબતે જે વ્યક્તિઓ વાંધાઓ / સૂચનો રજુ કરવા ઇચ્છતા હોય તેઓએ પોતાના વાંધાઓ / સૂચનો સોગંદનામા અને આનુષાંગિક દસ્તાવેજો સાથે **તા. ૧૭/૦૯/૨૦૨૪** સુધીમાં સચિવશ્રી, ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ, છઠ્ઠો માળ, ગીફ્ટ વન, ઝોન-૫-સી, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨ ૩૫૫ ને મોકલી આપવી.

વધુમાં, આ સંબંધમાં જાહેર સુનાવણી **તા. ૨૦.૦૯.૨૦૨૪ ના રોજ ૧૧:૩૦** કલાકે આયોગની કચેરી, ગાંધીનગર ખાતે રાખવામાં આવેલ છે. જાહેર સુનાવણી દરમ્યાન રસ ધરાવનાર વ્યક્તિઓ પોતાના સૂચનો/ટિપ્પણીઓ/અભિપ્રાય રજૂ કરી શકશે.

- સહિ -

**(રંજીથ કુમાર જે., આઇ.એ.એસ)**
**સચિવ, જી.ઈ.આર.સી.**

**ગાંધીનગર**
**તા. ૩૧/૦૮/૨૦૨૪**